જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૯/૦૮/૨૦૨૩ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## શરીર સબંધી ગુના આચરતા આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી રાણીપ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ ,અમદાવાદ શહેર નાઓની સુચના આધારે તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી “એલ” ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તથા હુક્મ અનુસાર રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દાખલ થયેલ શરીર સબંધી ગુનામા પકડાયેલ આરોપી દ્વારા આચરવામા આવતા ગુનાની આ પ્રવૃત્તીઓ સદંતર નેસ્તનાબુદ કરવા અંગે સુચન કરેલ હોઇ જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર બી.ડી.ગોહીલ નાઓ દ્વારા, દાખલ થયેલ શરીર સબંધી ગુના (૧) રાણીપ પો.સ્ટે. ગુ.ર.નં- ૧૧૧૯૧૦૦૨૨૩૦૧૬૦/૨૦૨૩ ઇપીકો. કલમ ૨૯૪(ખ) ૫૦૬(૨)તથા જીપીએક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા (૨) રાણીપ પો.સ્ટે ગુ ર નં ૧૧૧૯૧૦૦૨૨૩૦૨૦૦/૨૦૨૩ ઇ.પી.કો. કલમ ઇપીકો. કલમ ૩૨૬, ૩૨૪, ૨૯૪(ખ) ૫૦૬(૨)તથા જીપીએક્ટ કલમ ૧૩૫(૧) મુજબના કામે પકડાયેલ આરોપી દશરથ ઉર્ફે દશલો રમેશજી ઠાકોર ઉં.વ.૨૨ રહેઃ લલ્લુજી ખેંગારજી નો ટેકરો,અંબેમાનો ચોક,રાણીપ, અમદાવાદ શહેરનાઓની વિરુદ્ધમા પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમાં લેવા પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ ડીટીએન/પાસા/૪૫૪/૨૦૨૩ તા.૨૮/૦૮/૨૦૨૩ રોજથી હુકમ કરતા સદર આરોપીને રાણીપ પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી તારીખ:-૨૮/૦૮/૨૦૨૩ ના રોજ પાસા અટકાયતના હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ લાજપોર, સુરત ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૮/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૯૬ લીટર દેશી દારૂ, ૪૯૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬૦૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૯૬ બિયર ટીન કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૬૨,૮૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૯/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૦/૨૦૨૩**

**રખિયાલઃ** જયંતીલાલ સુમેરમલ શાહ (ઉ.વ.૫૧)(રહે.શીલાલેખ પોલીસ સ્ટેડીયમ સામે, શાહીબાગ) એ તા.૨૮/૦૮/૨૦૨૩ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૨/૨૦૨૦ થી તા.૨૮/૦૮/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન રખિયાલ, મ્યુનિસિપલ ગાર્ડન સામે, જનક એસ્ટેટમાં આવેલ જયંતીલાલની ઓસવાલ મેટલ્સ તથા રીયા માર્કેટીગ કંપનીમાંથી આરોપી “આરવ એન્જીનિયરીંગ પ્રા.લી.કંપનીના ડીરેકટર્સ” જય પ્રહલાદભાઇ પંચાલ (રહે.સાંપ્રત રેસીડેન્સી, પ્રેમચંદનગર ઈસરો સામે, સેટેલાઈટ) એ વિશ્વાસમાં લઇ, જયંતીલાલ શાહની રખિયાલ, મ્યુનિસિપલ ગાર્ડન સામે, જનક એસ્ટેટમાં આવેલ ઓસવાલ મેટલ્સ તથા રીયા માર્કેટીગ કંપનીમાંથી એસ.એસ. નો માલ ૧૨૫૬૫ કિલો કુલ કિંમત રૂપિયા ૨૧,૦૪,૨૩૫/- ઉધારમાં ખરીદ કરી, તેમજ જયંતીલાલના રખિયાલમાં આવેલ કાશીવાલ એસ્ટેટ, વતનશોપની બાજુમાં આવેલ શેડ.૦૧ નું પાંચ મહીનાનું બાકી ભાડુ રૂપિયા ૮૮,૫૦૦/- મળી કુલ રૂપિયા ૨૧,૯૨,૭૩૫/- નહી ચુકવી જયંતીલાલ શાહ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી રવિકાંત વિશ્રામભાઇ ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** નમનભાઇ હરીશભાઈ કિનખાબવાલા (ઉ.વ.૩૧)(રહે,વ્રજ ટાવર રિલાયન્સ ફ્રેસ સામે બોડકદેવ) એ તા.૨૮/૦૮/૨૦૨૩ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૧/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ગ્રેસીયસ હોલી-ડે ના નામથી ટીકિટ બુકિંગ તેમજ ટુર્સનો વેપાર ધંધો કરતા આરોપી નીરલ ઉર્ફે જીમી તરૂણભાઇ પારેખ અને ગ્રેસીયસ હોલી-ડે ફર્મના પ્રોપરાઇટર સ્વાતી નીરલ પારેખ (બંને રહે,શિવાની એપાર્ટમેન્ટ સહજાનંદ કોલેજ પાછળ આઝાદ સોસાયટી આંબાવાડી) નાઓએ ભેગામળી નમનભાઇ તથા તેમના પત્નિ અને પુત્રની કેનેડા જવાની ટીકિટ બુક કરાવવાના બહાને કુલ રૂપિયા ૨,૦૫,૦૦૦/- ઓનલાઇન મેળવી લઇ કન્ફર્મ ટીકીટ નહી આપી તેમજ આપેલ રૂપિયા પરત નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૧/૨૦૨૩**

**આનંદનગરઃ** મંજુબહેન વા/ઓ સુભાષભાઈ બંકા (ઉ.વ.૬૦)(રહે.પાર્કહિલ સોસાયટી રામદેવનગર, સેટેલાઈટ) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૮/૨૦૨૩ રાતના ૮/30 થી તા.૨૮/૦૮/૨૦૨૩ સવારના ૯/૩૦ વાગ્યા દરમ્યાન તુલસી રો-હાઉસ જૈન દેરાસર સામે દુકાન નંબર-૧૩ "એ.બી.ડ્રાયફ્રુટસ" નામની મંજુબહેનની દુકાનનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી સી.સી.ટી.વી કેમેરાની સિસ્ટમ એન.વી.આર બોક્ષ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/-, બદામ ૧૩ કિલોગ્રામ કિંમત રૂપિયા ૧૬,૪૦૦/-, કાજુ ૧૫ કિલોગ્રામ કિંમત રૂપિયા ૧૮,૦૦૦/- અને ડ્રોઅરમાંથી રોકડા રૂપિયા ૧૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૩,૪૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૨/૨૦૨૩**

**કાગડાપીઠઃ** શૈલેષભાઇ કાંતીલાલ વ્યાસ (ઉ.વ.૬૫)(રહે,શ્રીનગર સોસાયટી, શિવમ એપાર્ટમેન્ટ-૪, બી.એસ.એન.એલ ની ગલી, મણીનગર) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૮/૨૦૨૩ બપોરના ૧૨/૦૫ વાગ્યાના સુમારે કાંકરીયા ગોરધનવાડી ટેકરા, ઉર્મિકુંજ સોસાયટી સામે રોડ ઉપર એક અજાણી સ્ત્રી (૩૦ વર્ષના આશરાની) શૈલેષભાઇની રીક્ષામાં બેસી ઘોડાસર વૈભવ લક્ષ્મી મંદિર લઇ જઇ, શૈલેષભાઇને પ્રસાદનો પેંડો ખવડાવતા રબારી કોલોની લઇ જતા શૈલેષભાઇ બેભાન થઇ જતા, તેમણે પહેરેલ સોનાની ચેઇન, વીંટી નંગ-૨ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- તથા તેમના ખિસામાંથી રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.બામ્ભા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૩/૨૦૨૩**

**શાહીબાગઃ** આકાશ રાજુજી ઠાકોર (ઉ.વ.૨૨)(રહે.હીરાલાલની ચાલી અસારવા શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૮/૨૦૨૩ રાતના ૧૧/૧૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.ગમારા ચલાવે છે.

**ઇસનપુરઃ** અમિષા ડો/ઓ ગીરીશભાઇ વાઘેલા (ઉ.વ.૧૭) (રહે. રામદેવપીરની ચાલી સુર્યા સીટીની પાસે ઉત્તમનગર ઘોડાસર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૮/૨૦૨૩ ના કલાક ૦૮/૦૦ થી કલાક ૯/૩૦ વગ્યા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.વાઘેલા ચલાવે છે.

**નિકોલઃ** (૧) પ્રલાદભાઇ હીરાભાઇ વણઝારા (ઉ.વ.૨૨)(રહે.પારતી આવાસ યોજના એસ.પી.રીંગ રોડ પાસે મારૂતિ શો રૂમ પાછળ કઠવાડા તા.દસ્કોઇ જી.અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૮/૨૦૨૩ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે રૂમાલ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ગીતાબા અનિરૂધ્ધસિંહ ચલાવે છે.

**નિકોલઃ** (૨) વિજયભાઈ લક્ષ્મણભાઈ પટણી (ઉ.વ.૨૪)(રહે.ડમરૂ સર્કલ કાચા છાપરામાં, રામેશ્વર રોડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૮/૨૦૨૩ સાંજના ૪/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી લક્ષ્મણભાઈ લુંજાભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી